ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લામાં ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૨૩૬ પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા

**ગ્રાન્ટ ઈન એઈડ ઉ.મા. શાળામાં વર્ગ વધારાની ૯ દરખાસ્ત મળી**

ગાંધીનગર, તા. ૧

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, ગ્રામ વિકાસ, આદિજાતિ વિકાસ, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણને લગતી પ્રશ્નોત્તરી હતી. સભ્યોએ આ વિભાગમાં ભારે રસ દાખવ્યો હતો. આજે ગૃહમાં ૧૧૯ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જે આ સત્રમાં અત્યાર સુધીમાં સૌથી વધુ છે.

- **પશુ આરોગ્ય મેળા**

દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને કલોલના લક્ષ્મણજી ઠાકોરે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ યોજાયેલ પશુ આરોગ્ય મેળા અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૨૩૬ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ મેળામાં ૫૩,૬૯૭ પશુઓને વિવિધ સારવાર આપવામાં આવી હતી. પૂરક પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ છે કે આ મેળા દરમ્યાન ૧૦૮ પશુઓમાં રસીકરણ પણ કરવામાં આવ્યુ હતુ.

- **કોલ્ડ સ્ટોરેજ સહાય**

ગાંધીનગર (દ)ના ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલે ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ માટેની સહાય યોજના અંગે પ્રશ્ન પુછ્યો હતો.

આ સભ્યોના પ્રશ્નોના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે બાગાયતી પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવાની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. ૨૫૦ ટનથી ૨ લાખ ટન સુધીના કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે સહાયની યોજના છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એક કોલ્ડ સ્ટોરેજ ઉભો કરવા માટે રૂ. બસ્સો પાંચ લાખ પુરાની સહાય રકમની ચૂકવણી કરવામાં આવી છે.

- **ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચસ્તર મા. શાળાઓમાં વર્ગ વધારો**

ભાજપના કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર અને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચસ્તર મા. શાળામાં વર્ગ વધારા અંગેની મળેલી દરખાસ્તો અંગે પ્રશ્ન પુછ્યો હતો.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૨૧-૨૨માં જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉ.મા. શાળામાં વર્ગ વધારાની નવ દરખાસ્ત મળી હતી.

સરકારને મળેલ આ દરખાસ્તો પૈકી ૭ દરખાસ્તો મંજૂર કરવામાં આવી હોવાનું પણ તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

- **અને છેલ્લે...**

ધો. ૧૦ અને ધો. ૧૨ના પરીક્ષાર્થીઓને રાજ્ય સરકાર તરફથી પાઠવવામાં આવતા શુભેચ્છા પત્રોની પ્રણાલી માર્ચ-૨૦૨૨થી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી દ્વારા આ શુભેચ્છા પત્રો પાઠવવામાં આવે છે.

# મિલ્કતવેરામાં વધારાને પગલે રહેણાંકમાં રૂ. ૨૦૦ થી ૩૩૦ સુધીનું ભારણ વધશે

**વાણિજ્ય વિસ્તારમાં મિલ્કતવેરાનું ભારણ રૂ. ૩૭૧ થી રૂ. ૫૯૪ સુધીનું વધશે : મિલ્કતવેરા માટે જુની જંત્રી પ્રમાણે જ આ વર્ષે વસુલાત કરાશે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મનપા દ્વારા મિલ્કતવેરાના દરમાં કરાયેલા વધારા પછી ૧૦૦ચો.મી.નું મકાન ધરાવતા લોકોને મિલ્કતવેરો રૂ. ૨૦૭ થી લઈ ૩૩૦ સુધી વધારે ભરવાનો થશે.

મિલ્કતવેરાનો વધારો રૂ. ૧૧.૨૫ પૈસા કરવામાં આવ્યો છે. આ વધારાને સામાન્ય સભાએ પણ બહાલી આપી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે મિલ્કતોને ચાર ભાગમાં વિભાજીત કરી અને આ દરે વેરો વસુલવામાં આવશે. જુની જંત્રી પ્રમાણે વેરો એક વર્ષ સુધી વસુલાશે આ પછી નવી જંત્રીના દરો જાહેર થયા બાદ મિલ્કતવેરાના દર વધી જશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


મળતી વિગતો પ્રમાણે અતિ સમૃદ્ધ, સમૃદ્ધ, મધ્યમ અને નબળા વિસ્તારોમાં મિલ્કતો વિભાજીત કરી નવા દરે મિલ્કતવેરો વસુલવામાં આવશે.

શહેરની વિભાજીત કરાયેલ મિલ્કતોમાં ૧૦૦ ચો.મી.ના મકાનનો વેરો જે આવતો હતો તેમાં ૨૦૭ રૂ. થી ૩૩૦ સુધીનો વેરો આ વર્ષે જ વધી જશે.

વાણિજ્ય વિસ્તારના મિલ્કતવેરાનો દર જે રૂ. ૨૨.૨૫ નિયત કરવામાં આવ્યો છે તે મિલ્કતોને પણ ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવી છે. આ વાણિજ્ય વિસ્તાર અતિ સમૃદ્ધ, સમૃદ્ધ, મધ્યમ અને નબળા વિસ્તારમાં વિભાજીત કરતાં દુકાનધારકોને મિલ્કતવેરામાં રૂ. ૩૭૧ થી લઈ રૂ. ૫૯૪ સુધીનું ભારણ વધશે.

ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા મિલ્કતવેરાની વસુલી બાબતે તંત્રએ હવે આક્રમક રૂખ અપનાવ્યુ છે તે તેમજ હવે નવા દરે જે મિલ્કતવેરો ભરવાનો થશે તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનીને ઉભરી આવેલ છે.

મોંઘવારીના માર વચ્ચે મિલ્કતવેરાના દરમાં કરાયેલા વધારાને લઈ લોકોનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે. જો કે સામાન્ય સભામાં વેરાના દરમાં જે વધારો કરાયો હતો તેમાં ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે પરંતુ આર્થિક ભારણ જે વધ્યુ છે તે ટોક ઓફ ધી ટાઉન બનીને ઉભર્યુ છે. જંત્રીના નવા દરનો અમલ મોકુફ રખાયો છે એટલે જુની જંત્રી પ્રમાણે જ વિસ્તારોનું વિભાજન કરાયુ હોઈ આ વર્ષે રાહત રહેશે પરંતુ નવા જંત્રીના દરના અમલીકરણની સાથે ગાંધીનગરમાં રહેવુ પણ મોંઘુ પડશે તેવી ચર્ચા લોકજીભે ચાલી રહી છે.



વસંતઋતુનું સૌંદર્ય ધીમે ધીમે ખીલી રહ્યુ છે. શિયાળો પૂર્ણ થયા બાદ વૃક્ષો જૂના પાંદડા ત્યજીને નવા રૂપરંગ ધારણ કરી રહ્યા છે. શહેરને હરિયાળુ બનાવવા વર્ષો અગાઉ શહેરમાં ઉછેરવામાં આવેલા દેશી-વિદેશી પ્રકારના વૃક્ષોનું સૌંદર્ય ખરેખર જોવાલાયક અને માણવાલાયક છે. કુદરતે વિખેરેલા નીતનવા રંગોને જાણે વૃક્ષોએ આબાદ ઝીલી લીધા હોય અને તેનુ તાદશ્ય પ્રતિબિંબ પાડતા હોય તેવુ લાગી રહ્યુ છે. ગરમાળો હજી ખીલ્યો નથી પરંતુ ગરમાળા જેવા જ પીળા ચટ્ટાક ફૂલો શહેરમાં ઘણા સ્થળોએ જોવા મળી જાય છે. સ્વર્ણિમ પાર્કના વિશાળ બગીચામાં અને પોલીસભવન રોડ તો જાણે અવનવા ફૂલોથી કોઈએ સજાવી દીધા હોય તેવુ લાગી રહ્યુ છે. વળી જેમ જેમ તડકો આકરો બની રહ્યો છે તેમ તેમ આ ફૂલોનું સૌંદર્ય વધુને વધુ ખીલતુ જઈ રહ્યુ છે. શહેરના સૌંદર્યને માણવાની આ તક ચૂકવા જેવી તો નથી જ.

# ગુડાંની નવી ચાર આવાસ યોજનાને એન્વાયરમેન્ટલ ક્લિયરન્સની રાહ

**પાણી અને વીજળીનો બગાડ પણ અટકશે સ્ટ્રીટ લાઈટ પાર્કીંગ અને લિફ્ટના વીજ વપરાશ માટે સોલાર પ્લાન્ટનું આયોજન**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં નવી આવાસ યોજનાના કામો શરૂ કરવા માટે ગુડા નું તંત્ર તંત્ર એન્વાયરમેન્ટલ ક્લિયરન્સની રાહમાં છે. જયારે આ પ્રક્રિયાને અનુલક્ષી વસાહતમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સોલર પ્લાન્ટ લગાડવા સહિતનું આયોજન પણ કરી દેવાયું છે જયારે ગુડાના આવાસોમાં ઘર દિઠ પીવાના અને ફલષ માટેની લાઈન અને ટાંકીની વ્યવસ્થા પણ અલાયદી રહેશે આ ઉપરાંત આવાસ યોજનાને અનુલક્ષી લા ઈટ અને લિફ્ટ સહિતના જાહેર વપરાશની વીજળી માટે સોલર પાવર પ્લાન્ટ પણ તૈયાર કરવામાં આવશે

પાણી અને વીજળીનો બગાડ અટકાવવા માટે સરકારે વિશેષ ભાર મુક્યો છે.

રાજયમાં ખાનગી કે સરકારી રહેણાંક વસાહતોના ઘરોમાં પાણી માટે એક જ લાઈન હોય છે. તેમાંથી જ આવતા પાણીનો ઉપયોગ પીવા અને ટોઈલેટમાં ફલષ માટે કરાય છે. આવી સ્થિતિ સરકારી અને ખાનગી કચેરીઓમાં, વાણિજ્ય સંકુલોમાં અને ઔદ્યોગિક એકમોમાં હોવાથી પાણીનો બગાડ પણ વિશેષ થાય છે જયારે . હવે નવા રહેણાંકમાં પીવાનું અને ફલષનું પાણી અલગ આપવા આયોજન કરાયું છે મકાનોની સંખ્યા મુજબ પર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાના રહે છે. પરિણામે ગંદા પાણીને શુદ્ધ કરીને ઉપયોગમાં લેવાશે ગુડા દ્વારા છેલ્લી ત્રણ વસાહતમાં આ સુવિધા અપાઈ છે અને નવી ચાર વસાહતના કામ શરૂ કરવા માટે એન્વાયરમેન્ટલ ક્લિયરન્સની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે

આ ઉપરાંત વીજળીની બચત કરવા માટે દરેક વસાહતમાં મકાનોની સંખ્યાના અને કેમ્પસના ક્ષેત્રફળ પ્રમાણે પાર્ક લાઈટ કે સ્ટ્રીટ લાઈટ અને લિફ્ટ માટે જરૂરી વીજ વપરાશ મુજબ સોલાર પ્લાન્ટનું આયોજન કરાશે સોલર અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા છે સરગાસણ અને વાવોલમા પણ છે હવે હડમતિયા, સરગાસણ અને વાવોલમાં પણ નવી યોજના અન્વયે આ વ્યવસ્થા ગોઠવાશે

## શહેર-જિલ્લામાં કોઈ વેક્સિનેશન માટે આવ્યુ જ નહિ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ લેવા માટે આજે એક પણ લાભાર્થી આવ્યા ન હતા. એક જ સપ્તાહમાં આવુ બીજીવાર થયુ છે.

૨૬મી ફેબ્રુઆરીએ એક પણ લાભાર્થી આવ્યા ન હતા અને આજે ૧લી માર્ચે પણ એક પણ લાભાર્થી વેક્સિનેશન માટે ન આવતાં તંત્ર પણ ચિંતીત બન્યુ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસ નોંધાયા નથી પરંતુ કોરોના પ્રતિકાર માટે વેક્સિનેશન અભિયાન ચાલુ રાખવામાં આવ્યુ છે. વેક્સિનેશનને પગલે કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ નોંધાયા હતા તેમજ દર્દીઓ હોમ આઈસોલેશનમાં જ સારવાર દરમ્યાન સ્વસ્થ થયા છે. જિલ્લામાં રિકવરી રેટ પણ સારો નોંધાયો છે.

જો કે વેક્સિનેશનમાંય ખાસ કરીને પ્રિકોશન ડોઝ અભિયાનને નબળો પ્રતિસાદ મળ્યો છે.

# જિલ્લા પંચાયતમાં આજે મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કર્મચારીઓ માટે મેડીકલ કેમ્પ તેમજ આભા કાર્ડના આઈ.ડી. જનરેટ કરવા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પંચાયત પ્રમુખના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓના ડાયાબીટીસ, બ્લડપ્રેશર, બી.એમ.આઈ. તેમજ આંખોની તપાસ માટેના એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ કેમ્પમાં કર્મચારીઓ માટે હેલ્થકાર્ડનો ડિજીટલ રેકર્ડ માટે બનાવવામાં આવી રહેલ આભા-કાર્ડના આઈ.ડી. પણ કર્મચારીઓને જનરેટ કરી


● અનુસંધાન પાન-૭ પર

# ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા ગુડા નવા ત્રણ બગીચાનું નિર્માણ કરશે

**સરગાસણ કુડાસણ અને ચિલોડામાં બગીચાનું નિર્માણ કરાશે : ફાઉંટેઈન, જોગિંગ ટ્રેક પોન્ડ જીમ એરિયા અને બાળકો માટે પણ અવનવા આકર્ષણો ઉભા કરાશે**

ગાંધીનગર તા ૧

ગ્રીન કેન્સેપ્ટને વેગ આપવા ગુડા વિસ્તારમાં નવા બગીચાઓનું નિર્માણ કરાશે ગુડા દ્વારા નવા ત્રણ બગીચા તૈયાર કરવા માટે રૂપિયા ૫.૬૩ કરોડના ખર્ચ કરવામાં આવશે કુડાસણ, સરગાસણ અને ચિલોડામાં ફાળવવામાં આવેલા અનામતના પ્લોટમા બગીચા તૈયાર કરાશે ગુડાના આ બગીચાઓમાં બાળકો અને વડીલો માટે પણ અનેકવિધ સુવિધાઓ અને આકર્ષણ ઉભા કરાશે



ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં ૧૩બગીચા બનાવાનું આયોજન કરવામાં આવ્યું હતું આ પૈકીના વિસ્તારો મહાનગર પાલિકાની હદમાં ભેળવી દેવામાં આવ્યા બાદ પણ આયોજન હેઠળના કામો ગુડા દ્વારા જ .કરવામાં આવી રહ્યા છે જે મુજબ હાલ ગુડા કક્ષાએથી નવા ૩ બગીચા બનાવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે જેમાં કુડાસણ વિસ્તારમાં કેનાલ પાસે ૫,૩૫૪ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૨.૭૭ કરોડના ખર્ચે, સરગાસણમાં ૧,૭૮૩ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૭૬ લાખના ખર્ચે અને ચિલોડામાં ૪,૦૭૦ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૨.૧૦ કરોડના ખર્ચે નવા બગીચા વિકાસાવવા માટે યોજના આખરી કરી કામ શરૂ કરી દેવાયું છે

નવા બાગીચા પૈકી કુડાસણ અને ચિલોડામાં મોટો જમીન વિસ્તાર ઉપલબ્ધ છે. તેમાં સોશિયલ મેસેજ સાથેની સેલ્ફી વોલ પણ હશે. અન્ય આકર્ષણમાં જયાં શક્ય બનશે ત્યાં ફાઉન્ટેન, જોગિંગ ટ્રેક, આઉટડોર જીમ એરિયા, ચિલ્ડ્રન પ્લે એરિયા, મુલાકાતીઓ માટે બેઠક વ્યવસ્થા, ગઝેબો, પેરેન્ટ્સ માટે સીટિંગ પ્લાઝા, નાનકડુ તળાવ ટલે કે લીલી પોન્ડ, કિઓસ્ક, સ્ટેજ, સરક્યુલર પાથ, સ્ટેપિંગ સ્ટોન, પરગોલા, શોપ સહિતની સુવિધા ઉભી કરાશે. જયારે બગીચામાં ટોઈલેટ બ્લોક્સ, પાણીની પરબ, સિક્યુરીટી કેબીન સહીત પ્રવેશદ્વાર પણ આકર્ષક બનાવશે ગુડાના નવા ઉદ્યાનોમાં આખોને ઠંડક આપે તેવી હરિયાળી જળવાય તે મુજબ વૃક્ષો પણ ઉછેરવામાં આવશે

# પાટનગર યોજના ભવનના વર્ક ચાર્જ કર્મચારીઓ આગબબુલા

**૭મા પગાર પંચ મુજબ લાભ મળતાં નથી : પાટનગર યોજના વિભાગમાં હોબાળો અનેક વાર રજુઆત છતાં વારંવાર ધક્કે ચઢાવામા આવે છે**



ગાંધીનગર તા ૧

પાટનગર યોજના ભવનમાં સાડા ત્રણ દાયકાથી વર્કચાર્જ અને રોજમદાર તરીકે ફરજ બજાવતા ૨૫૦ જેટલા કર્મચારીઓને ૭માં પગાર પંચ મુજબના ભથ્થા ના ચુકવાતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે આગ બબુલા બનેલા કર્મચારીઓએ આજે ભવનના બિલ્ડિંગમાં ઉગ્ર મિજાજમાં જોવા મળ્યા હતા .એક મહિનાના અંતે લાભ આપવાનું બંધ કરી દેવાતા સરકારી તંત્રની આ નીતિ સામે પ્રબળ વિરોધ કરીને કર્મચારીઓએ પાટનગર યોજના ભવનમાં હોબાળો મચાવ્યો હતો.

આ અંગે કર્મચારીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે તમામ પગાર પંચનો તેમને લાભ અપાયો છે. પરંતુ સાતમા પગાર પંચના અમુક લાભો બાકી આપવાના બાકી રખાયા હતાં. તે તા ૨૪ સપ્ટેમ્બર વર્ષ ૨૦૨૨ના પરિપત્રથી જાહેરાતના અંતે પણ કર્મચારીઓને મળવાપાત્ર લાભ અપાયા નથી. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ દ્વારા સરકારના પરિપત્રનું ખોટું અર્થઘટન કરી ઘર ભાડા ભથ્થું, મેડિકલ ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું તેમજ વાહન ભથ્થું ચૂકવાતું નથી. જે અંગે માર્ગ અને મકાન વિભાગમાં લેખિતમાં તેમજ રૂબરૂ મોખિક રજૂઆત કરવા છતાં કોઈ નિર્ણય લેવાયો નથી.સમગ્ર મામલે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલે પણ માર્ગ અને મકાન વિભાગના સચિવને પત્ર પાઠવીને યોગ્ય કરવા રજૂઆત કરી છે આમછતાં કોઈ પરિણામ મળ્યું નથી આ સ્થિતિ વચ્ચે કર્મચારીઓને હાલની કારમી મોંઘવારીમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે . ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળને પણ રજૂઆત કરવામાં આવી છે આજે પાટનગર યોજના ભવનમાં રોષે ભરાયેલા કર્મચારીઓએ જણાવ્યું હતું કે વિભાગમાં બેઠેલા નિવૃત અધિકારીઓ પણ આખી વાતને બિનજરૂરી ધક્કે ચઢાવી રહ્યા છે.

# ઘ-૫ ફુડકોર્ટના વેપારીઓ પાસેથી બાકી ભાડા પેટે ૨૦ લાખની વસુલાત

**જુના અને નવા ભાડા સહીત હજુ પણ ૫૦ લાખની ઉઘરાણી બાકી : આગામી સપ્તાહમાં ભાડાની રકમ ચુકવી દેવા માટે કડક સુચના**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં અંદાજિત ૯૬ સ્ટોલ છે. જયારે આ પૈકી ૬૯ સ્ટોલ કાર્યરત છે. અલબત્ત ખાણી પીણીના વિવિધ સ્ટોલ ધમધમી રહ્યા છે. ફુડકોર્ટના વેપારીઓ લાંબા સમયથી ભાડુ ચુકવવામાં નિરસતા દાખવતા પાટનગર યોજના વિભાગની ટીમે રૂબરૂ મુલાકાત લઈને વેપારીઓને ભાડુ ચુકવી દેવા માટે તાકીદ કરી હતી જેના અંતે તંત્રએ બાકી ભાડાની રકમ અન્વયે રૂ ૨૦ લાખની વસુલાત કરી છે. જયારે હજુ પણ જુના અને નવા ભાડા પેટે રૂ ૫૦ લાખની ઉઘરાણી બાકી છે. જે આગામી સપ્તાહમાં ચુકવી દેવા માટે પણ જણાંવાયુ છે.

ગાંધીનગર શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઘ- ૫ ફુડકોર્ટના વેપારીઓ પાસેથી ભાડાની વસુલાત કરવા માટે તંત્રએ કડક રાહે કામગીરી હાથ ધરી છે. અગાઉ ફુડકોર્ટના વેપારીઓ પાસેથી બાકી ભાડુ વસુલવા માટે તંત્રની ટીમે રૂબરૂ સ્થળ પર મુલાકાત લઈ ભાડુ નહીં ચુકવવામાં આવે તો ફુડસ્ટોલ સીલ કરી દેવા સુધીની ચિમકી આપી હતી જો કે આ દરમિયાન બે વેપારીઓએ સ્થળ પર જ ભાડુ ચુકવી દીધુ હતુ ફુડકોર્ટમાં ખાણીપીણીના કુલ ૯૬ સ્ટોલ છે. જયારે આ પૈકી ૬૯ ફાળવી દેવાયા છે. અલબત્ત આ સ્ટોલ્સ પર હાલ વેપાર ધંધો ધમધમે છે. અગાઉ કોરોના કાળ દરમિયાન પણ ફુડકોર્ટના સ્ટોલ ધારકોનુ ૬ મહીનાનુ ભાડુ માફ કરવામાં આવ્યુ હતુ જયારે લાંબા સમયથી વેપારીઓએ ભાડુ ન ચુકવતા પાટનગર યોજના વિભાગ દ્વારા આ મામલે અત્યાર સુધી બે થી ત્રણ વાર નોટીસ પણ આપવામાં આવી હતી જો કે નોટીસના અંતે પણ ભાડાની વસુલાત ન થતા તંત્રની ટીમ આખરે રૂબરૂ સ્થળ પર પહોચી હતી જયારે આ દરમિયાન બે કિસ્સામાં સ્થળ પર જ ભાડુ વસુલવામાં આવ્યુ હતુ. ફુડકોર્ટમાં ભાડાના મામલે જુનો બાકી આંકડો અંદાજિત રૂ ૩૫ લાખનો છે. જયારે નવા અને જુના ભાડા સહીત અંદાજે રૂ ૭૦ લાખની ભાડા વસુલી કરવાની થાય છે. જો કે આ પૈકી ૨૦ લાખનુ ભાડુ વસુલ કરી દેવાયુ છે. પાટનગર યોજના ભવનની ટીમે અગાઉ હાથ ધરેલી ઝુંબેશના અંતે જુના બાકી ભાડાના ૩૫ લાખ પૈકી રૂ ૨૦ લાખની વસુલાત કરી દેવામાં આવી છે. જયારે હજુ પણ આ મામલે બાકીદારોને આ મામલે આગામી એક સપ્તાહમાં ભાડુ ચુકવી દેવા માટે પણ સુચના આપવામાં આવી છે. તંત્રના અધિકારીઓની સ્થળ મુલાકાત દરમિયાન સ્થાનિક વેપારીઓએ દબાણો નડતરરૂપ હોવાના લીધે ધંધો ચાલતો ન હોવાની ફરિયાદો પણ કરી હતી જેને અનુલક્ષી તંત્ર દ્વારા વેપારીઓને

● અનુસંધાન પાન-૭ પર

# ૪ સરપંચોની ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલિમ માટે પસંદગી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ૪ સરપંચોને આગામી ૬ અને ૭ માર્ચના રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ખાસ તાલિમ માટે મોકલવામાં આવનાર છે.

ટ્રેઈનીંગ ઓન વિલેજ ડિઝાસ્ટર રિસ્ક પ્લાનીંગ અને અમલીકરણ ગ્રામ પંચાયત અંતર્ગત આ તાલિમ આપવામાં આવનાર છે. ડિઝાસ્ટર મેનેજમેનટ ઈન્સ્ટીટ્યુટમાં રાજ્યભરમાંથી જિલ્લાઓના પસંદગી પામેલા સરપંચો આવશે અને તેમને ગ્રામીણસ્તરે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેવી રીતે થઈ શકે તે માટે તાલિમ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે તાલિમના પ્રથમ તબક્કામાં જિલ્લાના ચાર સરપંચો પસંદ કરવામાં આવ્યા છે. દહેગામ અને માણસા તાલુકાના બે-બે સરપંચોની પસંદગી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના ગુલાબપુરા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ધોળાકુવા ગ્રામ પંચાયતના સરપંચની પસંદગી કરવામાં આવી છે. દહેગામ તાલુકામાંથી જીંડવા અને વાસણા ચૌધરી ગામના સરપંચોની પસંદગી કરવામાં આવી છે.

**જોઈએ છે**
**રસોઈયા બહેન/ભાઈ**
સેક્ટર-૮માં પરિવારને સવાર-સાંજ રસોઈ કામ માટે રસોઈયા ભાઈ / બહેનની તાત્કાલિક જરૂર છે.
સંપર્ક
મો. ૯૯૨૫૦ ૩૬૦૪૯

**LED TV રીપેરીંગ**
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬
નોંધ : સૌરાષ્ટ્રના માવાના પેંડા મળશે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com